


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 10 ■ તા. 08-03-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

ઈઝરાયેલના ૫૦ ફાઈટર જેટે ખામેનેઈનું અન્ડરગ્રાઉન્ડ બંકર ઉડાવ્યું

# ઈરાન પાસે શરણે થવા સિવાય કોઈ વિકલ્પ નથી : પ્રમુખ ટ્રમ્પની ધમકી

## ઈરાનનો ઈઝરાયેલ તથા ખાડી દેશોમાં અનેક સ્થળો પર મિસાઈલમારો યથાવત : કતરમાં અમેરિકન રડાર સિસ્ટમ તોડી

દુબઈ, તા.૭

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ દિવસે ને દિવસે વધુ ભયાનક બની રહ્યું છે. આ યુદ્ધ માત્ર ત્રણ દેશો પુરતું સિમિત ન રહેતાં છેલ્લા એક સપ્તાહમાં ૧૪ દેશો સુધી ફેલાયું છે. અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર મિસાઈલ હુમલા ચાલુ રાખ્યા છે. જવાબમાં ઈરાન પણ એક સાથે ૧૨ દેશો પર ડ્રોન અને મિસાઈલ હુમલા કરી રહ્યું છે. વધુમાં ઈરાને કતરમાં અમેરિકાની મહત્વપૂર્ણ મિસાઈલ એલર્ટ સિસ્ટમ તોડી પાડી છે. આવા સમયે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ઈરાનને ચેતવણી આપી કે ઈરાનની સંપૂર્ણ શરણાગતિ સિવાય હવે કોઈ સમજૂતી નહીં થાય. બીજીબાજુ ઈઝરાયેલે લેબેનોનમાં આતંકી સંગઠન હિઝબુલ્લા પર હવાઈ હુમલા યથાવત રાખ્યા છે.મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ દિવસે ને દિવસે વધુ ભયાનક બની રહી છે ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું કે, ઈરાન સાથે કોઈપણ શરત વિના આત્મસમર્પણ વિના કોઈ સમજૂતી નહીં થાય. ત્યાર



પછી એક મહાન અને સ્વીકૃત નેતાની પસંદગી પછી અમે અને અમારા અનેક સાથીઓ ઈરાનને વિનાશના કિનારેથી પાછા લાવવા પ્રયત્ન કરીશું અને તેને આર્થિકરૂપે પહેલા કરતાં ઘણા ઊંચા, સારા અને મજબૂત સ્તરે લઈ જઈશું. ઈરાનનું ભવિષ્ય ઉજ્જવળ થશે. ઈરાનને ફરી મહાન બનાવો. આ સાથે ટ્રમ્પે એવી પણ ચેતવણી આપી છે કે ઈરાન ઝુકશે નહીં તો તેનો સંપૂર્ણપણે વિનાશ કરવાની તેમની તૈયારી છે.દરમિયાન અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનમાં અનેક સ્થળો પર હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના સુપ્રીમ લીડર અયાતોલ્લાહ અલિ ખામેનેઈ પછી હવે આઈઆરજીસીના ટોચના કમાન્ડરો પર હુમલાની તૈયારી કરી છે. અમેરિકાએ શુક્રવારે દાવો કર્યો હતો કે તેણે ઈરાનનું ડ્રોન કેરીયર તોડી પાડયું હતું. બીજીબાજુ ઈઝરાયેલે ૨૦૨૪માં યુદ્ધવિરામ થયા બાદ શુક્રવારે લેબેનોન પર ભારે હવાઈ હુમલો કર્યો હતો. ઈઝરાયેલના હુમલાના પગલે બેરુત શહેરમાંથી હજારો નાગરિકો પરાં અને ગ્રામ્ય વિસ્તારોમાં ભાગી છૂટયા છે. આ સિવાય ઈઝરાયેલના ૫૦ ફાઈટર જેટે ૧૦૦ બોમ્બથી તહેરાનમાં સુપ્રીમ લીડર ખામેનેઈનું અન્ડરગ્રાઉન્ડ બંકર પણ ઉડાવી દીધું હતું, જેનો વીડિયો પણ તેમણે પોસ્ટ કર્યો હતો.વધુમાં મધ્ય-પૂર્વનું યુદ્ધ હવે મધ્ય-એશિયાના દેશોમાં ફેલાય તેવી આશંકા છે. ઈરાને અઝરબૈજાનમાં હુમલો કરતાં આ મુસ્લિમ દેશ ભારે ધુંધવાયું હતું. અઝરબૈજાને તહેરાનમાં તેનું દુતાવાસ અને તબરેજમાં વાણિજ્ય દુતાવાસ ખાલી કરી નાંખ્ય હતા. અઝરબૈજાને ઈરાન સાથેની સરહદ પર સેલ્ફ પ્રોપેલ્ડ આર્ટીલરી સિસ્ટમ તૈનાત કરવાનું શરૂ કર્યુ છે. વિદેશ મંત્રી જેહુન બેયરામોવે કહ્યું કે, નખચિવન એરપોર્ટ પર ઈરાનના ડ્રોન હુમલાનો જડબાતોડ જવાબ અપાશે. દરમિયાન અમેરિકા અને ઈઝરાયેલને તેમના હુમલાઓનો જડબાતોડ જવાબ આપવા ઈરાને ઓપરેશન ટ્રુ પ્રોમીસ ફોરની ૨૨મી વેવ હેઠળ ખોર્રામશહર ૪, ખૈબર, ફતહ જેવા વધુ ઘાતક મિસાઈલોથી હુમલા કર્યા હતા. આ સાથે ઈરાને ખાડી દેશોને ચેતવણી આપી છે કે તેમના હુમલાથી બચવું હોય તો અમેરિકાના સૈનિકો અને નાગરિકોને તગેડી મૂકો. સાથે ઈરાને ખાડી દેશો પર હુમલા ચાલુ રાખતા કતરમાં અમેરિકાની મહત્વપૂર્ણ ૧.૧ અબજ ડોલરની કિંમતની મિસાઈલ રડાર સિસ્ટમ તોડી પાડી હતી. આ સિસ્ટમને મધ્ય-પૂર્વમાં અમેરિકાની આંખ કહેવાતી હતી.

કોમર્શિયલ સિલિન્ડર રૂપિયા ૧૧૫નો વધારો

# ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમતમાં રૂ.૬૦નો વધારો

## દિલ્હીમાં, ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમત રૂ.૮૫૩ થી વધીને રૂ.૯૧૩ થઈ : મુંબઈમાં કોમર્શિયલ સિલિન્ડર રૂ.૧,૮૩૫માં ઉપલબ્ધ થશે

નવી દિલ્હી, તા.૭

મિડલ ઈસ્ટ પૂર્વમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર સમગ્ર દેશમાં પડી રહી છે. ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું છે, જેના કારણે આયાતી પ્રવાહીના ભાવમાં વધારો થયો છે. આ દરમિયાન, ભારતમાં LPG સિલિન્ડરના ભાવમાં પણ વધારો થયો છે.

ઘણા ભારતીય રાજ્યોમાં LPG સિલિન્ડર હવે મોંઘા થઈ ગયા છે. ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમતમાં રૂ.૬૦નો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં, ૧૪.૨ કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમત રૂ.૮૫૩ થી વધીને રૂ.૯૧૩ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા દર ૭ માર્ચથી લાગૂ થશે.

દિલ્હીમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતમાં પણ રૂ.૧૧૫નો વધારો કરવામાં આવ્યો છે, જે આજથી, ૭ માર્ચથી લાગુ થશે. દિલ્હીમાં ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમત હવે રૂ.૧,૮૮૩ છે. સિલિન્ડરના ભાવમાં આ નવો ફેરફાર એપ્રિલ ૨૦૨૫ના ભાવમાં થયેલા ફેરફારને પગલે થયો છે.

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં, કોમર્શિયલ LPG સિલિન્ડર રૂ.૧,૮૩૫માં ઉપલબ્ધ થશે. સિલિન્ડરના ભાવમાં વધારાથી લોકોમાં ગભરાટ ફેલાયો છે. પુરવઠામાં આટલા નોંધપાત્ર ફેરફારની સીધી અસર જનતાના ખિસ્સા પર પડી રહી છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા લશ્કરી તણાવને કારણે, હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આયાત કરાયેલા લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ના પુરવઠાને કારણે સ્થાનિક સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. ૨૮ ફેબ્રુઆરીથી હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા LNG સપ્લાય બંધ કરવામાં આવ્યો છે.

આનાથી વૈશ્વિક LNG સપ્લાયના આશરે ૨૦ ટકા પર અસ્થાયી અસર પડી છે અને એશિયન આયાત બજારોમાં ચિંતા વધી છે. ભારતના LNG સપ્લાયનો મોટો હિસ્સો કતાર અને સંયુક્ત આરબ અમીરાત (UAE) થી હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવે છે.

ભારત LPGનો વિશ્વનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. ગયા વર્ષે, દેશમાં આશરે ૩૩.૧૫ મિલિયન મેટ્રિક ટન રસોઈ ગેસનો વપરાશ થયો હતો. LPG પ્રોપેન અને બ્યુટેનનું મિશ્રણ છે. દેશની કુલ LPG જરૂરિયાતોનો લગભગ બે તૃતીયાંશ ભાગ આયાત દ્વારા પૂર્ણ થાય છે, જેમાં આ પુરવઠાનો આશરે ૮૫-૯૦% મધ્ય પૂર્વમાંથી આવે છે.

સરકારે રિફાઈનરીઓને પેટ્રોકેમિકલ ઉત્પાદન માટે પ્રોપેન અને બ્યુટેનનો ઉપયોગ ન કરવા અને LPG ઉત્પાદન માટે તેમને પ્રાથમિકતા આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. વેપાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રોપેન અને બ્યુટેનને LPG બનાવવા માટે વાળવાથી પેટ્રોકેમિકલ કંપનીઓના નફા પર અસર પડી શકે છે, કારણ કે પોલીપ્રોપીલીન અને આલ્કીલેટ્સ જેવા ઉત્પાદનો LPG કરતાં વધુ કિંમત મેળવે છે.

આ મુદ્દે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ પણ સ્પષ્ટ કર્યું હતું કે મધ્ય પૂર્વમાં અસ્થિરતા હોવા છતાં ભારતને ઊર્જા પુરવઠાની કોઈ મોટી અછતનો સામનો કરવો પડી રહ્યો નથી. તેમણે કાચા તેલની સપ્લાયમાં સંભવિત અવરોધ અંગે ઉઠી રહેલી ચિંતાઓ પર જવાબ આપતા જણાવ્યું હતું કે દેશમાં જરૂરી ઊર્જા સંસાધનો ઉપલબ્ધ છે.

સરકારી સૂત્રો મુજબ હાલમાં ભારત પાસે ગેસ અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. ક્રૂડ ઓઈલ, પેટ્રોલ, ડીઝલ તેમજ LPG જેવા ઈંધણનો પૂરતો સ્ટોક રાખવામાં આવ્યો છે. ઉપરાંત તેલ કંપનીઓ જરૂરિયાત મુજબ ગલ્ફ વિસ્તાર સિવાયના અન્ય દેશોમાંથી પણ આયાત વધારી રહી છે, જેથી સપ્લાય ચેનમાં કોઈ વિક્ષેપ ન થાય.

યુદ્ધ પછી ઈરાન તરફથી મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગ Strait of Hormuz વિસ્તારમાં જહાજોની અવરજવર પર નિયંત્રણ મૂકવામાં આવવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. આ માર્ગ વિશ્વના ઊર્જા વેપાર માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે. જો અહીં અવરોધ સર્જાય તો કાચા તેલની સપ્લાય પર અસર પડી શકે છે અને વૈશ્વિક બજારમાં ભાવ વધવાની શક્યતા પણ રહે છે.

મધ્ય-પૂર્વમાં યુદ્ધ વચ્ચે ટ્રમ્પે વેનેઝુએલાનો ખજાનો ખાલી કર્યો

# વેનેઝુએલા ખાણોમાંથી ૧,૦૦૦ કિલો સોનું યુએસ બજારમાં ઠાલવવા તૈયાર

કરાકાસ, તા.૭

આખી દુનિયાની નજર અત્યારે મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનના યુદ્ધ પર છે. આ યુદ્ધના કારણે વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા વધી ગઈ છે. આ વાતાવરણમાં ક્રૂડ ઓઈલ અને સોનાના ભાવમાં તિવ્ર ઊછાળો જોવા મળે છે. આ ઘટનાક્રમ વચ્ચે અમેરિકાએ વેનેઝુએલામાં ક્રૂડ ઓઈલ પછી હવે સોના પર કબજો કરવાનો તક્તો ઘડી લીધો છે. અમેરિકાએ વેનેઝુએલા સાથે એક મોટો સોદા પર હસ્તાક્ષર કર્યો છે, જેના ભાગરૂપે વેનેઝુએલા અમેરિકાને ૧,૦૦૦ કિલો સોનું વેચવા તૈયાર થઈ ગયું છે.વેનેઝુએલાની સરકારી ખાણ કંપની મિનર્વેને અમેરિકા માટે સોનાના મોટા સોદા પર હસ્તાક્ષર કર્યા છે. એક રિપોર્ટ મુજબ આ કરાર હેઠળ વેનેઝુએલા ૬૫૦થી ૧,૦૦૦ કિલો સુધીનું ગોલ્ડ ડોર અમેરિકન બજારમાં વેચવા તૈયાર થઈ ગયું છે. રિપોર્ટ મુજબ આ સોનું દુનિયાની મોટી કોમોડિટી ટ્રેડિંગ કંપની ટ્રાફિગોરાને અપાશે. ટ્રાફિગોરા આ સોનાને અમેરિકન રિફાઈનરીઓ સુધી પહોંચાડશે, જેના માટે અમેરિકન સરકાર સાથે અલગથી વ્યવસ્થા કરાઈ છે. અમેરિકા વેનેઝુએલા પાસેથી આ સોનું ખરીદશે અને તેને ડોલર આપશે. હાલમાં અમેરિકન બજારમાં એક કિલો શુદ્ધ સોનાની કિંમત અંદાજે ૧,૬૬,૦૦૦ ડોલર છે. આ ડીલમાં અમેરિકાના ગૃહમંત્રી ડગ બર્ગમે મહત્વની ભૂમિકા ભજવી છે. તેઓ તાજેતરમાં જ રાજધાની કારાકાસ પહોંચ્યા હતા અને વેનેઝુએલા સાથે ક્રૂડ ઓઈલ તથા ખનીજ ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાતચીત કરી હતી. અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નીનું અપહરણ કરી અમેરિકા લઈ ગયા પછી વેનેઝુએલામાં ડેલ્સી રોડ્રિગ્સે પ્રમુખપદ સંભાળ્યું છે.પ્રમુખ ડેલ્સીએ બદલાયેલા ભૂ-રાજકીય અને આર્થિક વાતાવરણમાં અમેરિકા સાથે સંબંધો સુધારવા પર ભાર મૂક્યો છે. બીજીબાજુ ટ્રમ્પે પણ વેનેઝુએલાના ક્રૂડ ઓઈલ પર નિયંત્રણ મેળવ્યા પછી હવે તેના સોના પર નજર દોડાવી છે. સોનાની વર્તમાન બજાર કિંમત પર નજર કરીએ તો એક કિલો સોનાની કિંમત અંદાજે ૧.૬૬ લાખ ડોલર (અંદાજે રૂ. ૧.૩ કરોડ) છે. આ દૃષ્ટિએ ૧,૦૦૦ કિલો સોનાની આ ડીલ કરોડો ડોલરની હોઈ શકે છે. આ સોદો એવા સમયે થયો છે જ્યારે દુનિયામાં આર્થિક અનિશ્ચિતતા અને યુદ્ધ જેવી સ્થિતિના કારણે સોનાના ભાવ સતત વધી રહ્યા છે.સૂત્રો મુજબ ટ્રમ્પ સરકારના નિરીક્ષણમાં વેનેઝુએલાના સંશાધનો અંગે આ ત્રીજો સૌથી મોટો એક્સટ્રેક્શન કોન્ટ્રાક્ટ કરાયો છે. આ પહેલાં ટ્રમ્પ




સરકારે ક્રૂડ ઓઈલ સંબંધિત અબજો ડોલરની સમજૂતી કરી છે. જોકે, ટ્રમ્પ સરકાર અને વેનેઝુએલા વચ્ચે થયેલા સોનાના સોદા અંગે અમેરિકામાં વિવાદ શરૂ થઈ ગયો છે. અમેરિકાના કેટલાક સાંસદો અને વિપક્ષના નેતાઓએ પ્રમુખ ટ્રમ્પ પર વેનેઝુએલાના પ્રાકૃતિક સંશાધનો પર પોતાનું નિયંત્રણ સ્થાપિત કરવાનો આક્ષેપ કર્યો છે.

# મહારાષ્ટ્રમાં ખેડૂતોની રૂ. ૨ લાખ સુધીની લોન માફીની જાહેરાત

મુંબઈ,

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે રાજ્યના ૨૦૨૬-૨૭ના રજૂ કરેલા બજેટમાં રૂ.૨ લાખ સુધીની કૃષિ લોન માફીની મોટી જાહેરાત કરી હતી. બજેટમાં તેમણે નદી જોડાણ પ્રોજેક્ટ્સ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ, આરોગ્ય, સ્ટાર્ટ-અપ્સ અને સામાજિક કલ્યાણ માટે પણ સંખ્યાબંધ યોજનાઓની જાહેરાત કરી હતી. ફાઈનાન્સ પોર્ટફોલિયો ધરાવતા ફડણવીસે વિધાનસભામાં આશરે રૂ.૭.૬૯ લાખ કરોડનું બજેટ રજૂ કરતાં જણાવ્યું હતું કે ૨૦૨૪માં વિધાનસભા ચૂંટણી પહેલા શરૂ કરાયેલી લાડકી બહેન યોજનાને પૂરતી ફાળવણી સાથે ચાલુ રખાશે. આ યોજના હેઠળ દર મહિને સૌથી ગરીબ મહિલાઓને રૂ.૧,૫૦૦ મળતા રહેશે.




(રાજુલ નું મનોજગત)રાજુલ કૌશિક શાહ.અમેરિકા

વિષય : મન

પ્રકારઃ ગદ્ય લેખ

શીર્ષકઃ આત્મ-સાક્ષાત્કારની ક્ષણઃ મન સાથેનો સંવાદ

કોઈ પણ વ્યક્તિ આપણને આપણા પોતાના કરતાં વધુ સારી રીતે જાણી શકતું નથી. આપણે આપણું આખું જીવન આપણા મન સાથે વિતાવીએ છીએ, તેમ છતાં, ઘણીવાર તેને સાચી રીતે સમજવા અને તેની સાથે જોડાવા માટે ઉપેક્ષા કરીએ છીએ. આપણા મનને મળવું એ ખરેખર સ્વ-શોધની એક મહત્ત્વપૂર્ણ યાત્રા છે.

આવો, આપણે આપણા મન સાથે વાત કરીને તેને જાણીએઃ

હુંઃ હેલો! મન. આજનો સમય તારા માટે આરક્ષિત છે. બસ, આપણે બે જ છીએ. ચાલો, આરામથી બેસીને દિલ ખોલીને વાત કરીએ.

મનઃ ઓહ! આખરે, તારી આત્મ-નિરીક્ષણની એક ક્ષણ આવી ખરી! મારામાં ઉઠતાં વિચારો અને લાગણીઓનો સ્વીકાર તું કરે તેની હું મન આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો.

હુંઃ મને ખબર છે, હું થોડો વ્યસ્ત હતો, પણ હવે હું ફક્ત તને સાંભળવા જ આવ્યો છું. બોલ, હમણાં તારા મગજમાં શું ચાલી રહ્યું છે?

મનઃ તું ભલે મારી અવગણના કરતો હોય, પણ મારી પાસે શેર કરવા માટે ઘણું બધું છે.

હુંઃ ખરેખર માફ કરજે. કૃપા કરીને, તારા દરેક વિચાર અને લાગણીને કોઈપણ સંકોચ વિના મારી સાથે શેર કર.

મનઃ ઠીક છે. હું તારા ભવિષ્ય વિશે ચિંતા અનુભવું છું. હું નવા વિચારો અને સર્જનાત્મક ઊર્જાથી છલકાઈ રહ્યો છું. મારી જાતને વ્યક્ત કરવા હું ખૂબ આતુર છું.

હુંઃ હું સમજું છું. મને જણાવ કે આ ડર અને શંકાઓનું મૂળ કારણ શું છે?

મનઃ નિષ્ફળતાનો ડર, પરિણામો સારા નહીં આવે તેનો ભય. અને થોડી સામાન્ય આત્મ-શંકા પણ છે.

હુંઃ અને સર્જનાત્મકતા અને પ્રેરણા વિશે શું? તે શામાંથી ઉત્પન્ન થાય છે?

મનઃ ઉત્કટ જુસ્સો, જિજ્ઞાસા અને જીવનમાં કોઈ અર્થપૂર્ણ અસર કરવાની તીવ્ર ઈચ્છા. તું તારી કલાત્મક બાજુની અવગણના કરી રહ્યો છે અને હું મારી જાતને શોધવા અને અભિવ્યક્ત કરવા માટે તલપાપડ છું.

હુંઃ હું સંપૂર્ણપણે સમજું છું. આટલી નિખાલસતાથી મારી સાથે વાત કરવા બદલ તારો આભાર, મન. હું હવેથી વધુ વખત તારી વાત સાંભળવાની ખાતરી આપું છું. હું મારી રચનાત્મક ચેતનાને પોષીશ.

મનઃ આભાર. તું ખરેખર હવે મને સાંભળી રહ્યો છે. ચાલો, આપણા ડર અને શંકાઓને સર્જનાત્મકતા અને પ્રેરણા સાથે સંતુલિત કરવા માટે સાથે મળીને કામ કરીએ.

હુંઃ સહમત. ચાલો, એમ કરીશું! મન, સાથે મળીને આપણે જીવનના પડકારોને યોગ્ય દીશા આપીશું અને તેની દરેક જીતની ઉજવણી પણ કરીશું!

ભરત સાંગાણી (અમદાવાદ)

08-03-2026_10 Jan Fariyad_New_P-1

### બહારનું ખાતા પહેલા સો વાર વિચારજો

# સુરતમાં ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ એસિટિક એસિડથી બનાવતા હતા પનીર

સુરત,

શહેરમાં ખાદ્ય સુરક્ષાને લઈને ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. શહેરના પાંડેસરા વિસ્તારમાં સુરત પોલીસની **SOG** ટીમ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગે સંયુક્ત કાર્યવાહી કરીને નકલી પનીર બનાવતા મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, લોકોના આરોગ્ય સાથે ખતરનાક રમખાણ કરતા આરોપીઓ ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ એસિટિક એસિડનો ઉપયોગ કરીને પનીર તૈયાર કરતા હતા, જે માનવ શરીર માટે ગંભીર રીતે હાનિકારક માનવામાં આવે છે. તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી મહેશકુમાર પૂર્ણાશંકર શર્મા દ્વારા પાંડેસરા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પનીર બનાવવાનું કારખાનું ચલાવવામાં આવતું હતું. અહીં બનાવાતું પનીર દેખાવમાં અસલી જેવું લાગતું હોવા છતાં તેમાં દૂધની જગ્યાએ પામોલીન તેલ, થોડું દૂધ અને મિલ્ક સોલિડ જેવા ઘટકોનો ઉપયોગ કરીને 'એનાલોગ પનીર' તૈયાર કરવામાં આવતું હતું. આ બનાવટમાં ફૂડ ગ્રેડના કેમિકલના બદલે ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડ એસિટિક એસિડનો ઉપયોગ થતો હતો, જે સામાન્ય રીતે કારખાનામાં વપરાતું જોખમી કેમિકલ છે.

વિશેષજ્ઞોના મતે આવા એસિડનો ખોરાકમાં ઉપયોગ કરવાથી માનવ શરીરના પાચનતંત્ર પર ગંભીર અસર પડી શકે છે. લાંબા સમય સુધી આવા પદાર્થોનું સેવન કરવાથી કિડની, પેટ અને અન્ય આંતરિક અંગોને નુકસાન થવાની શક્યતા રહે છે. એટલે કે, આ નકલી પનીર લોકોને ધીમે ધીમે ઝેર આપવાના સમાન હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે. **SOG**ની તપાસમાં વધુ એક ચોંકાવનારી હકીકત બહાર આવી છે કે, આ કારખાનું સુરતમાં હોવા છતાં તેનું **FSSAI** લાયસન્સ મહારાષ્ટ્રના વસઈના સરનામે નોંધાયેલું હતું. આરોપી આ લાયસન્સનો ઢોંગ કરીને વર્ષોથી સુરતમાં ગેરકાયદેસર રીતે પનીરનું ઉત્પાદન કરી બજારમાં સપ્લાય કરતો હતો.

આ પનીર ખાસ કરીને સસ્તું હોવાથી બજારમાં સરળતાથી વેચાઈ જતું હતું. જ્યાં અસલી પનીરની બજાર કિંમત લગભગ ૩૮૦થી ૩૯૦ રૂપિયા પ્રતિ કિલો હોય છે. ત્યાં આ નકલી પનીર માત્ર ૧૮૦થી ૨૨૦ રૂપિયામાં વેચવામાં આવતું હતું. સસ્તી કિંમતને કારણે અનેક ડેરીઓ અને વેપારીઓ દ્વારા આ પનીર ખરીદવામાં આવતું અને પછી ગ્રાહકો સુધી પહોંચતું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે, આ ગેરકાયદે નેટવર્ક છેલ્લા લગભગ બે વર્ષથી પાંડેસરા અને ગણેશનગર વિસ્તારમાં સક્રિય હતું. આરોપી દરરોજ અંદાજે ૪૦૦ કિલો જેટલું નકલી પનીર તૈયાર કરીને સુરત શહેરની અનેક ડેરીઓ અને ખાદ્ય વેપારીઓને સપ્લાય કરતો હતો. દરોડા દરમિયાન **SOG** અને ફૂડ સેફ્ટી વિભાગે સ્થળ પરથી કુલ ૧૪૦૧ કિલો શંકાસ્પદ પનીર જપ્ત કર્યું છે. સાથે સાથે પનીર બનાવવામાં વપરાતી સામગ્રી સહિત કુલ અંદાજે ૨૮.૪૪ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે મુખ્ય આરોપી મહેશકુમાર પૂર્ણાશંકર શર્માની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે. તપાસ દરમિયાન આ પનીર ક્યાં-ક્યાં સપ્લાય કરવામાં આવતું હતું અને તેમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે તે દિશામાં પણ પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે.

સુરત પોલીસ અને ફૂડ સેફ્ટી વિભાગે શહેરના નાગરિકોને સસ્તું પનીર ખરીદતા પહેલા સાવચેત રહેવાની અપીલ કરી છે.

# ૧.૪૦ લાખ આંગણવાડી વર્કર્સે ઓનલાઈન કામનો બહિષ્કાર કર્યો

અમદાવાદ,

મોબાઈલ ફોન-પગાર વધારા સહિત અન્ય પડતર પ્રશ્નોને લઈને ૧.૪૦ લાખ આંગણવાડી બહેનો, આશા વર્કરો રસ્તા પર ઉતરી છે. એટલું જ નહીં, આંગણવાડીમાં ઓનલાઈન કામગીરીનો સંપૂર્ણપણે બહિષ્કાર કર્યો છે. એવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે, જો રાજ્યસરકાર ૧૨ માંગણી નહીં સ્વીકારે તો, આંગણવાડી બહેનો-આશા વર્કરો અચોક્કસ મુદતની હડતાલનું એલાન કરી શકે છે.જો રાજ્ય સરકાર ૧૨ માંગણીઓ નહીં સ્વીકારે તો અચોક્કસ મુદતની હડતાલનું એલાન કરાશે. વર્ષ ૨૦૨૨ માં આંગણવાડી બહેનોને નવા મોબાઈલ ફોન આપવામાં આવશે તેવું રાજ્ય સરકારે વચન આપ્યું હતું પણ હજુ સુધી નવા મોબાઈલ ફોન મળ્યા નથી.

જૂના મોબાઈલ ફોન ચાલતા જ નથી જેથી ઓનલાઈન કામગીરી કરવી અઘરી બની છે. નબળી એપ્લિકેશન જ નહીં, ગામડામાં નેટવર્કના ધાંધિયાને પગલે આંગણવાડી બહેનો આંગણવાડીમાં બાળકોને પોષણ આહાર આપવાને બદલે મોટાભાગનો સમય ડેટા એન્ટ્રી પાછળ વ્યતિત કરે છે.મોટાભાગની બહેનો પોતાના જ મોબાઈલ ફોનમાં નાછૂટકે સરકારી કામકાજ કરવા મજબૂર બની છે. આ કારણોસર ૮૦ ટકા આંગણવાડી બહેનો-આશા વર્કરોએ મોબાઈલ ફોન પર ઓનલાઈન કામગીરી જ બંધ કરી દીધી છે. વર્ષ ૨૦૨૨ માં રાજ્ય સરકારના પાંચ મંત્રીઓએ પગાર વધારો કરવા આશ્વાસન પાઠવ્યું હતું, પણ ચાર વર્ષ પછી પણ પગાર વધારો કરાયો નથી.છેલ્લા ઘણા વર્ષોથી માનદ વેતનમાં કોઈ વધારો જ કરાયો નથી.હાઈકોર્ટના આદેશનું પણ રાજ્ય સરકાર પાલન કરવા તૈયાર નથી. ચાર ચાર બજેટ રજૂ થયા પછી પણ લાખો આંગણવાડી બહેનો-આશા વર્કરો વિશે જરાય ધ્યાન અપાયું નથી. જ્યારે આંગણવાડી બહેનો અને આશા વર્કર સરકારનું પાયાની કામગીરી કરતા કર્મચારીઓ પૈકીનાં એક છે. જો કે તેઓ સતત ઉપેક્ષાનો સામનો કરી રહ્યા છે.

# ચંદ્રગ્રહણ પછીની વિશ્વની પરિસ્થિતી

**Yoggi Astrology**ના અંક ૧૭૪માં આપ સૌનું સ્વાગત છે. ૨૦૨૫ ડિસેમ્બરમાં કહ્યું હતું કે, જાન્યુઆરી થી જુન સુધી સમય ઘણો ખરાબ રહેવાનો છે. તેમાં સૂર્યગ્રહણ પછી કુંભમાં સૂર્ય, રાહુ, મંગળ યુતિ તથા કેતુની દ્રષ્ટિ પછી પૂછવું શું? યુદ્ધ, આગ, આતંક, ગન ઘટના. મારા લેખ પ્રમાણે ૨૩ ફેબ્રુઆરીથી સમય સારો નથી. ૨૩ ફેબ્રુઆરી પછી પાકિસ્તાન, અફઘાનિસ્તાન વચ્ચે ભયંકર યુદ્ધ, ત્યારબાદ ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા યુદ્ધ. ૨૦૨૫માં માર્ચ-એપ્રિલમાં નેપ્ચ્યુન ઉપર લેખ લખ્યો હતો. તેમાં લખ્યું હતું કે, આવનાર સમય મુસ્લિમ દેશો માટે સારો નથી. આજે બાંગ્લાદેશ, પાકિસ્તાન, બલૂચિસ્તાન, અફઘાનિસ્તાન, મીડલઈસ્ટ, ગાઝા, સીરીયા, અઝરબૈજાન, અરમેનિયા આ મુસ્લિમ દેશો યુદ્ધ, વિદ્રોહ જેવી ઘટનાથી ઘેરાયેલા રહ્યા છે.

૨૦૨૬ જાન્યુઆરીના લેખમાં લખ્યું હતું કે, આવનાર સમયમાં રાજકીય નેતા મૃત્યુ બતાવે છે. તેમાં ઈરાનનાઁ નેતાનું મૃત્યુ થયું છે. રાષ્ટ્રીય શોક થશે તે પણ સાચું પડ્યું છે. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના સૂર્યગ્રહણ થઈ ગયું છે, તે દિવસની કુંડલી બનાવીને પાછલા અંકમાં વિગત આપી હતી. આ ગ્રહણ પછી તમે જોયું ઘણી ઘટના વિશ્વમાં બની તથા યુદ્ધ થયું. ગ્રહણની કુંડલી મિથુનની બની હતી, તેમાં ગુરુ હોવાથી વિશ્વના નેતાના ખોટા નિર્ણય લેવાથી તકલીફ થાય. અહીં ટ્રંપનાનિર્ણયથી અમેરિકા નહીં પરંતુ વિશ્વને તકલીફ વધી છે. (મારા પાછલા અંકમાં લખ્યું હતું કે રાહુલ કે ટ્રંપના નિર્ણયથી મોટી તકલીફ આવશે.) રાહુલ ભારત માટે તકલીફ લાવશે. ટ્રંપે ઈરાન યુદ્ધની મોટી ભૂલ કરી નાખી છે. સૂર્યગ્રહણની કુંડલી પ્રમાણે નવમે બુધ-ચંદ્ર હોવાથી માણસ પોતાની માનસિકતા ગુમાવે છે.

હવે ૩ માર્ચના રોજ ચંદ્રગ્રહણ મારો લેખ મળે ત્યારે ચંદ્રગ્રહણ થઈ ગયું હશે. ભારતના સમય પ્રમાણે બપોરે ૨:૧૫ એ શરૂ થશે. આ ગ્રહણ પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં સિંહ રાશીમાં આ ગ્રહણ પાંચ કલાક ને ૩૧ મિનિટ સુધી ચાલશે. આ ગ્રહણ ભારત, ઈસ્ટ યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, નોર્થ અમેરિકા, સાઉથ અમેરિકા, એટલાંટીક, ઈન્ડિયન ઓસન, આર્કટીક, એન્ટાર્ટીકા વગેરે ઉપર જોયું હશે.

ચંદ્રગ્રહણની કુંડલી જોતા મિથુન લગ્નમાં ગુરુ બેઠો છે. ત્રીજે સિંહ રાશી ચંદ્ર-કેતુ, નવમેકુંભમાં રાહુ, સૂર્ય, મંગળ, બુધ, દશમેમીનમાંશની-શુક્ર રહેશે. નવમેકુંભમાં આ ગ્રહો વિશ્વમાં ભારે તબાહી, યુદ્ધ, આતંક, આગ, બિમારી, પાણીમાં સુનામી, ધરતીકંપ જેવા તથા નવા યુદ્ધ ઉત્પન્ન થશે. મંગળ-બુધ ગંભીર બિમારી લાવશે. સૂર્ય-મંગળ હાર્ટએટેકનું પ્રમાણ વધશે. દરેક રાશીવાળાએ ધ્યાનથી ગાડી ચલાવવી, અકસ્માત યોગ બને છે. તથા રાહુ અને કેતુ વચ્ચે બધા ગ્રહોથીકાર્લસર્પયોગ ઉત્પન્ન થાય છે. ગુસ્સા ઉપર કાબુ રાખવો પડશે.

મીન શની જતાં જતાં વિશ્વને તબાહીમાંમુકતો જશે. આ અહીં શની ચક્ર પુરું થશે, પછી ધીમેધીમે ફરીથી વિશ્વમાં શાંતિ આવશે. ગ્રહણની કુંડલી પ્રમાણે શની પણ પોતાના કર્મ સ્થાનમાં આવે છે. આથી તમારું કર્મ ચક્ર પુરું કરીને જશે. ૩ માર્ચ પછી વિશ્વમાં ઘણી અશાંતિ થતી જોવા મળશે. કંઈક મોટું થવાથી મોટી જાનહાનીનો યોગ બની રહ્યો છે.

આ વખતનું ચંદ્રગ્રહણ ર્મ્ક્ષ્ંદ્ધ ર્સ્હ (લાલ કલરનું) થવાનું છે. આથી વિશ્વમાં લોહી નદી વહેશે. આ ગ્રહણની અસર આફ્રિકા, એટલાંટીક, ભારતમાં બંગાળ, આસામ, દિલ્હી જેવી જગ્યા ઉપર મોટી ઘટના થતી જોવા મળશે. સૂર્યગ્રહણ વખતે પણ મિથુન લગ્નમાં ગુરુ હતો. આમ ચંદ્રગ્રહણ વખતે પણ મિથુન લગ્નમાં ગુરુ હોવાથી લોકોની મતિ ભ્રષ્ટ થાય, તેમાં ટ્રંપની થઈ ગઈ છે. કોરોના સમયે પણ ગ્રહણ થયું, ત્યારબાદ બીમારી શરૂ થઈ છે. આવા લક્ષણ પણ ફરીથી નવા રોગમાં થતાં જોવા મળશે.

આ ગ્રહણથી જંગલમાં રહેતા પશુ-પક્ષીમાં કાંઈ થવા જઈ રહ્યું છે અથવા જંગલમાં આગ લાગવાથીપ્રાણીનું મૃત્યુ થાય. ખેડૂત આંદોલન થતાં જોવા મળશે. આ ઉપરાંત મજૂર વર્ગમાં આંદોલન થતાં જોવા મળશે. વિશ્વના લીડર માટે સારો સમય નથી. પૂર્વાફાલ્ગુની એ શુક્ર માટે છે. આથી વિશ્વમાં મોજશોખ વાળી જગ્યા ઉપર જવું નહીં. બાર, થિયેટર વગેરે જગ્યા ઉપર ગન ઘટના થતી અથવા આગ લાગવાની સંભાવના રહેશે. આ ગ્રહણ ભાગ્ય ઉપર લાગવાથી તમારું લક સાથ નહીં આપે, આથી તમારા કર્મનો હિસાબ કરવો પડશે.

વિશ્વમાં સેક્સ સ્કેન્ડલ બહાર પડશે. તેમાં મોટા મોટા બહાર નામ બહાર પડશે અથવા મોટા નેતાએ પોતે રાજીનામું આપવું પડશે. આવનાર ત્રણ મહિનામાં મોટા-મોટા બિઝનેસ બંધ થતાં જોવા મળશે.

અમેરિકા, કેનેડા, યુરોપ તથા વિશ્વમાં રીઅલસ્ટેટમાર્કેટ તૂટશે. ટ્રંપનું રાજીનામું જરૂરથી થશે અથવા તેના ઉપર સંકટ જરૂર બને છે.

અમેરિકામાં હવે પછી ગંભીર પરિણામ જોવા મળશે. પોતાના દેશને સાચવવું ભારી પડી જશે. યુરોપમાં કોઈ મોટા નેતાનું સેક્સ સ્કેન્ડલ અથવા ફાઈનાન્સિઅલને લીધે રાજીનામું આપવું પડે. ટ્રંપ અને રાહુલ માટે સમય સારો નથી. નોર્થ કોરિયા પણ કંઈ કરતું જોવા મળશે. વિશ્વમાં ડિજીટલ કરન્સી અથવા બિટકોઈનનું કૌભાંડ બહાર પડશે. બોલીવૂડ-હોલીવૂડમાં હલચલ થશે અથવા કોઈ નામી નેતાનું મૃત્યુ યોગ બને છે.

બંગાળ માટે આવનાર સમય ઘણો ખરાબ રહેશે. આવનાર ૬ મહિનામાં ઈલેક્શન હોવાથી તથા પરિસ્થિતી બગડશે. આની સાથે સત્તા પરિવર્તન યોગ બને છે. બાંગ્લાદેશ માટે આવનાર સમય સારો નથી. ફરીથી ઈલેક્શન અથવા સત્તા પરિવર્તન અથવા ફરીથી વિદ્રોહ થતાં જોવા મળે છે.

નવેમ્બરમાં રાહુ શતભિષામાં આવ્યો ત્યારે લખ્યું હતું કે આવનાર આઠ મહિના ઘણા ભારી રહેશે.

૨૩ નવેમ્બર ૨૦૨૫ થી ૦૨ ઓગસ્ટ ૨૦૨૬ સુધી આ નક્ષત્રમાં રહેશે. ત્યારે લખ્યું હતું કે આવનાર ઈસ્લામિક જગતમાં કંઈ મોટું થશે, આજે તમે જોઈ રહ્યા છો. ૧૬ મુસ્લિમ દેશોમાં ભયંકર તબાહી થઈ રહી છે. શતભિષા એ રાહુમાં હોવાથી કોઈ ન્યુક્લિયર ઘટના બનતી અથવા તો ન્યુક્લિયર લીકેજથી વિશ્વમાં ભયભીત જેવી સ્થિતી બનશે. ૨૯ માર્ચ થી ૩૦મે ના રોજ રાહુ મકર નવમાંશ આવશે ત્યારે વિશ્વમાં તથા ભારતમાં આતંકવાદી ઘટના થતી જોવા મળશે. તથા પ્લેનક્રેશની ઘટના બનશે. ત્યારબાદ પહેલા ચરણમાં આવશે ત્યારે લોકો પોતાનો આત્મસંયમ ખોઈ દેશે. હવે પછી ૧૩ માર્ચથી ઈરાન-અમેરિકાનું યુદ્ધ ચરમસીમા ઉપર જશે. આ સમય દરમ્યાન અમેરિકા ઈરાન સાથે હોવાથી રશિયા-યુક્રેન ઉપર આક્રમક થતું જોવા મળશે. ૧૯ માર્ચ પછી ટ્રંપની સ્થિતી ખરાબ થશે, પોતાના દેશમાં વિદ્રોહ તથા પોતાના સાથી હાથ છોડશે. આ ડરથી ટ્રંપ પોતાના ખોટા નિર્ણયથી ઈરાનમાં લોહીની નદી વહેશે. જે વર્ષો સુધી તેની નિંદા થતી રહેશે. ૧૩ માર્ચના દિવસે રાહુ, મંગળ, કેતુ, શુક્ર ૧૪ ડિગ્રી આ બધા ગ્રહોઆવવાથી નવા યુદ્ધ તથા ઈરાન અથવા અમેરિકા કંઈ મોટું કરશે. રશિયા-યુક્રેન ઉપર મોટું કરશે.

આ દિવસે ધરતીકંપ, સુનામી, જ્વાલામુખી, આતંકઘટના, કુદરતી આપત્તિ પ્લનેક્રેશ આવી ઘણી ઘટના થતી જોવા મળશે.

**Yoggi Astrology**ની મુલાકાત લઈ તમારા જીવનમાં આવનાર સમસ્યા તમારી જન્મના ગ્રહો ઉપરથી જાણીને યોગ્ય નિવારણ કરીને સમસ્યાથી દૂર કરો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪

**Yogesh Gandhi**
**(M.Sc., B.Ed)**
**Yoggi Astrology**
**77 Mission, Ridge, TR,**
**Brampton, ONT,**
**Cadana**
**+1-647-286-3734**




Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

08-03-2026_10 Jan Fariyad_New_P-2